ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં પોણા બે ઈંચ વરસાદ : સિઝનનો ૧૩ ઈંચ

**સેકટરોમાં ઠેર ઠેર વરસાદી પાણીનો ભરાવો : વરસાદી વાયરા વચ્ચે વાતાવરણમાં ઠંડક : મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે માત્ર ૩ ડીગ્રીનો તફાવત : ગત રાતથી સવાર સુધીમાં જ દોઢ ઇંચ વરસાદ વરસ્યો**





ગાંધીનગર તા ૨૬

ગાંધીનગરમાં ચોમાસાના પ્રારંભ બાદ છેલ્લા એક મહીનાથી મેઘરાજાના મંદ મિજાજથી નગરજનો તોબા પોકારી ગયા હતા જયારે જુલાઈના અંતિમ દિવસોમાં વરસાદી સાંજ નિખરતા નગરજનો પણ હાંશકારો પ્રવર્તાયો છે. શહેરમાં ગઈકાલે રાતથી સવાર સુધીમાં દોઢ ઈંચ વરસાદ વરસ્યો છે. જયારે છેલ્લા ૨૪ કલાકમાં પોણા બે ઈંચ વરસાદથી શહેરમા ઠેર ઠેર પાણી ભરાઈ ગયા છે. શહેરમાં સિઝનનો અંદાજિત ૧૩ ઈંચ વરસાદ નોંધાયો છે. વરસાદી વાયરા વચ્ચે મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે પણ માંડ ૩ ડીગ્રીનો તફાવત જોવા મળે છે. વરસાદી ભીંજારાના લીધે અત્યાર સુધી આકરા બફારાથી ત્રસ્ત નગરજનો વાતાવરણમાં ઠંડક અનુભવી રહ્યા છે. જો કે વરસાદી મોસમ નિખરતા સેકટરોમાં નતનવી સમસ્યાઓ પણ સ્થાનિકો માટે હાલાકીરૂપ બની છે.

ગાંધીનગરમાં એક દિવસના વિરામ બાદ ફરી વરસાદી મોસમ જામી છે. શહેરમા ગત રાત્રિથી સવાર સુધી દોઢ ઈંચ વરસાદ વરસ્યો હતો જયારે આજે પણ સવારથી વાદળિયા વાતાવરણ વચ્ચે ઝરમરિયો વરસાદ ચાલુ રહ્યો હતો સાંજના સમયે અચાનક જ આકાશ વરસાદી વાદળોથી ઉભરાયુ હતુ જયારે પલવારમાં જ ભારે ઝાપટુ વરસી પડતા ચોમેર પાણી પાણી ગયુ હતુ. શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૧૩ ઈંચ વરસાદ નોંધાયો છે. આજે સવારથી સાંજ સુધીમાં પણ અંદાજિત ૬ થી ૮ એમ એમ વરસાદ વરસ્યો હતો. સાંજના સમયે વરસાદી વાયરા વચ્ચે શહેરમાં ઠંડકનુ મોજુ ફરી વળ્યુ હતુ જયારે વરસાદી મોસમની જમાવટ થતા વાતાવરણમાં ઉકળાટનુ પ્રમાણ પણ ઘટી ગયુ છે. શહેરમાં આજે મહત્તમ તાપમાન પણ એક ડીગ્રી નીચે ઉતર્યુ હતુ મહત્તમ તાપમાન ૨૭.૮ ડીગ્રી જયારે લઘુત્તમ તાપમાન પણ ૨૪.૩ ડીગ્રી રહ્યુ હતુ. વરસાદી મોસમમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે માત્ર ૩ ડીગ્રીનો

● અનુસંધાન પાન-૭ પર

# ૨૦૨૧ કરતાં આ વર્ષે આજ સુધીમાં બમણો વરસાદ નોંધાયો

**૨૦૨૦માં ૪૦.૯૮ ટકા વરસાદ નોંધાયો હતો તો આ વર્ષે ૪૬.૪૯ ટકા વરસાદ નોંધાયો : મેઘ મ્હેરથી જિલ્લામાં ખુશીનો માહોલ**

ગાંધીનગર, તા. ૨૬

વર્ષ ૨૦૨૧ની તુલનામાં ગાંધીનગર જિલ્લામાં અત્યાર સુધીમાં બમણાથી વધુ વરસાદ નોંધાયો છે.

૨૦૨૧માં જિલ્લામાં ૨૬ જુલાઈ સુધીમાં ૧૬૯ મી.મી. સરેરાશ વરસાદ નોંધાયો હતો. જેમાં દહેગામમાં ૧૦૯, ગાંધીનગરમાં ૧૩૫, કલોલમાં ૨૧૫ અને માણસામાં ૨૧૬ મી.મી. વરસાદ થયો હતો.

ટકાવારીના સાપેક્ષમાં જોઈએ તો જિલ્લામાં ૨૨.૦૪ ટકા વરસાદ નોંધાયો હતો.

૨૦૨૦માં જિલ્લામાં સરેરાશ ૩૨૦ મી.મી. વરસાદ નોંધાયો હતો. જેમાં દહેગામમાં ૩૭૦, ગાંધીનગરમાં ૨૭૭, કલોલમાં ૨૩૬ અને માણસામાં ૩૯૮ મી.મી. વરસાદ નોંધાયો હતો.

ટકાવારીના સાપેક્ષમાં જિલ્લાના ૪૦.૯૮ ટકા વરસાદ નોંધાયો હતો.

આમ વર્ષ ૨૦૨૦ અને ૨૦૨૧ના ચોમાસા કરતાં આ વર્ષે ૨૦૨૨માં વરસાદ વધુ નોંધાયો છે. એટલું જ નહિ ચોમાસુ ૨૦૨૦ની પેટર્ન પર આગળ વધી રહ્યુ છે.

ગાંધીનગર જિલ્લામાં મેઘ-મ્હેર છેલ્લા પખવાડિયાથી ચાલી રહી હોવાથી લોકોમાં ખુશીનો માહોલ છવાયો છે. વરસાદી સિઝનમાં ભજીયા-દાળવડા અને ચા ની લારીઓ પર ઘરાકીનો તડાકો પડ્યો છે.

જિલ્લામાં મંગળવાર સવારના ૬ વાગ્યા સુધીમાં ચોમાસાની સિઝનમાં સરેરાશ નોંધાતા ૭૮૦ મી.મી. વરસાદ સામે ૩૫૩ મી.મી. વરસાદ નોંધાઈ ચુક્યો છે. ટકાવારીના સાપેક્ષમાં તે ૪૬.૪૯ ટકા જેટલો છે.

જિલ્લામાં આજે સવારના ૬ વાગ્યાથી રાત્રિના ૮ વાગ્યા સુધીમાં સરેરાશ ૧૯ મી.મી. જેટલો વરસાદ નોંધાયો છે. જિલ્લામાં આજે દિવસ દરમ્યાન સવારના ૬ થી રાત્રિના ૮ દરમ્યાન કલોલમાં ૩૪ મી.મી., માણસામાં ૩૧ મી.મી., ગાંધીનગરમાં ૯ મી.મી. અને દહેગામમાં ૨ મી.મી. વરસાદ નોંધાયો છે.

વરસાદના હળવાથી મધ્યમ ઝાપટાઓ જે રીતે થઈ રહ્યા છે તેને લઈ ખેડૂતોમાં પણ ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

જિલ્લામાં મંગળવારની સવારના ૬ વાગ્યા સુધીમાં દહેગામમાં ૪૫૭ મી.મી., ગાંધીનગરમાં ૨૨૯ મી.મી., કલોલમાં ૩૮૮ મી.મી., માણસામાં ૩૩૯ મી.મી. વરસાદ નોંધાયો છે.

દરમ્યાન દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાનશાસ્ત્ર વિભાગ દ્વારા કૃષિ સલાહ અને હવામાન પૂર્વાનુમાન બુલેટીનના અંક નં. ૩૪માં જણાવ્યા પ્રમાણે ૨૯મી જુલાઈ પછી વરસાદનું જોર જિલ્લામાં ઘટશે.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ૧,૯૩,૨૪૪ ઘરોમાં બી.એલ.ઓ. દ્વારા મતદારોનું વેરીફીકેશન કરવામાં આવ્યુ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં મતદાર વેરીફીકેશન ઝુંબેશ દરમ્યાન ૧,૯૩,૨૪૪ જેટલા આવાસો પર બુથ લેવલ ઓફિસરોએ ફરી અને મતદારોની ખરાઈ કરવા સાથે ફોર્મ ૬, ૭, ૮ ની અરજીઓ પણ સ્વીકારી છે.

મળતી વિગતો મુજબ ૮ થી ૨૨ જુલાઈ દરમ્યાન મતદાર વેરીફીકેશનનું અભિયાન ચૂંટણીપંચ દ્વારા યોજવામાં આવ્યુ હતુ.

જિલ્લામાં દહેગામ વિધાનસભા મતવિસ્તારમાં ૩૦,૧૧૧ ઘરોમાં, ગાંધીનગર(દ)માં ૩૫,૫૫૨ ઘરોમાં, ગાંધીનગર(ઉ)માં ૫૦,૧૦૫ ઘરોમાં, માણસામાં ૪૭,૯૩૬ ઘરોમાં અને કલોલમાં ૨૯,૫૨૦ ઘરો પર બુથલેવલ ઓફિસરો પહોંચ્યા હતા અને મતદારોનું વેરીફીકેશનની કામગીરી કરી હતી.

મળતી વિગતો પ્રમાણે અવસાનના કિસ્સામાં નામ કમી કરવા માટે ૧૧,૨૦૬ જેટલી અરજીઓ આ બુથલેવલ ઓફિસરોને મળી હતી તો ૫ હજારથી વધુ નવા મતદાર થવા માગતા યુવાનોએ તેઓ ૧-૧૦-૨૨ની સ્થિતિએ ૧૮ વર્ષ પૂર્ણ કરી રહ્યા હોવાની જાણ કરી હોવાનું જાણવા મળેલ છે.

મતદાર નોંધણીના નિયમોમાં આવી રહેલા ફેરફારો અંગેનો એક વર્કશોપ મહાત્મા મંદિર ખાતે યોજાઈ ગયો જેમાં ચૂંટણી અધિકારીઓ, નાયબ

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં સરકારી ચોપડે ૬૫ ભુવા : ૬૩ રિપેર

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેર અને તાલુકામાં ઓછો વરસાદ નોંધાયો છે. ફરફરિયા વરસાદની વચ્ચે પણ ગાંધીનગર શહેરમાં ૬૫ જેટલા ભુવા પડ્યા હોવાનું અત્યાર સુધી સરકારી ચોપડે નોંધાયુ છે જે પૈકી ૬૩નું સમારકામ પૂર્ણ થયુ છે અને બે નું કામ પ્રગતિ હેઠળ છે જે આજે મોડી સાંજ સુધીમાં પૂર્ણ થઈ જશે.

ગાંધીનગર શહેરમાં આ વખતે જે રીતે ખોદકામની કામગીરી મનપાના તંત્ર દ્વારા ચાલી છે તેના પછી જે પૂરણની કામગીરી થવી જોઈએ તે યોગ્ય રીતે ન થઈ હોવાની વ્યાપક ફરિયાદો ઉઠ્યા પછી પણ પ્રિ.મોન્સુન પ્લાન પણ તૈયાર કરાયો હતો પરંતુ ૬૫ જેટલા ભુવા પડ્યાનું નોંધાતા તંત્રની બધી પોલ ખુલ્લી પડી જવા પામી છે.

ત ા ા જ ે ત ા ર મ ા ં

## ભુવાઓએ મોન્સુન એક્શન પ્લાનના લીરા ઉડાવ્યા

મનપાનું તંત્ર સબ સલામતના નારા લગાવતુ રહ્યુ હતુ.

ગાંધીનગર શહેર માટે ૨૪x૭ કંટ્રોલ રૂમ પણ ચોમાસાની તકલીફોને લઈ કાર્યરત કરવામાં આવ્યો છે. વી.વી.આઈ.પી. વિઝીટોનો સિલસિલો શરૂ થયો છે અને વારંવાર વી.વી.આઈ.પી. વિસ્તારોના ફોન રણકતા બંધ થતી હોવાની ફરિયાદ પછી બી.એસ.એન.એલ. તંત્રએ પણ મનપા દ્વારા કરવામાં આવતા ખોદકામમાં વારંવાર લાઈનો કપાઈ જતી હોવાની ફરિયાદ સરકાર સુધી કરી હોવાની વાતો બહાર આવી રહી છે.

ગાંધીનગર શહેરમાં નાના-મોટા ખાડાઓ જે પડ્યા છે અને રિસરફેસીંગ પછી કપચી માર્ગો પરથી ઉડીને વાહનચાલકો માટે મુશ્કેલી સર્જી રહી છે તેની વાત નથી. સે. ૨૭માં સે. ૨૯માં, સે. ૨૨માં કે અન્ય સેક્ટરોમાં પડેલા ભુવાઓ અને શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં પડેલા ભુવાઓની વાત છે.

આજે મનપાના તંત્રએ આ ભુવાઓને લઈ માર્ગ-મકાન વિભાગ તેમજ ૨૪x૭ પાણીની કામગીરી કરતી કંપનીના પ્રતિનિધિઓ સાથે બેઠક કરી હતી. જેમાં શહેરમાં પડી રહેલા ભુવાઓનો જ મુદ્દો સતત છવાયેલો રહ્યો હતો. બે કલાક જેટલો સમય આ બેઠક ચાલી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# કહેર યથાવત્ : શહેરમાં નવા ૨૭ અને ગ્રામ્યમાં નવા ૯ કેસ નોંધાયા

**ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના આજે ૯ કેસ નોંધાયા જેમાં દહેગામ-ગાંધીનગરમાં ૨-૨ કેસ તો કલોલમાં પાંચ કેસ નોંધાયા : ગાંધીનગર શહેરમાં આજે રાંદેસણમાં ૩, ઈન્ફોસીટી, સે. ૭, સે. ૮, સે. ૨૦ માં બે-બે કેસ નોંધાયા, આ ઉપરાંત ઝુંડાલ, જીઈબી, કુડાસણ, સુઘડ, વાવોલ, સરગાસણ, પેથાપુર, આઈઆઈટી, સે. ૨, ૫, ૨૨, ૪, ૨૩, ૨૮, ૨૯ અને ૧૨માંથી કેસો મળી આવેલ**

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો કહેર યથાવત્ રહેવા પામ્યો છે. ગાંધીનગર શહેરમાં કોરોનાના નવા ૨૭ કેસ અને ગ્રામ્ય વિસ્તારમાં નવા નવ કેસ નોંધાયા છે.

શહેર-જિલ્લામાં કોરોનાના કેસોમાં થઈ રહેલા ચડાવ-ઉતારને લઈ તંત્રની ચિંતા વધી છે. શહેર-જિલ્લામાં લોકલ ટ્રાન્સમિશન વધ્યુ હોવાનો આડકતરો એકરાર તંત્રના સૂત્રો દ્વારા કરવામાં આવી રહ્યો છે.

સંક્રમણના અસરકારક પ્રતિકાર માટે તંત્રએ ટ્રેકિંગ, ટ્રેસીંગ અને ટ્રીટમેન્ટ ઉપરાંત સઘન વેક્સિનેશન અભિયાન પર ભાર મુક્યો છે. વેક્સિનેશનને કારણે કેસો વધ્યા હોવા છતાંય કોરોનાના હળવા લક્ષણો જોવા મળી રહ્યા હોવાની દલીલ તંત્ર દ્વારા કરવામાં આવી રહી છે.

જિલ્લામાં જો આ ટ્રેન્ડ કેસોનો જળવાઈ રહેશે તો ઝડપથી પરિસ્થિતિ નિયંત્રણમાં આવી જશે તેવો વિશ્વાસ પણ કેટલાક સૂત્રો કરી રહ્યા છે. શહેર જિલ્લામાં છેલ્લા બે દિવસથી કેસોની સંખ્યાના ઘટાડાનો ટ્રેન્ડ શરૂ થયો છે.

ગાંધીનગર શહેરમાંથી આજે કોરોનાના નવા ૨૭ કેસ નોંધાયા છે. શહેરમાં કોરોના સ્થિર થયો છે જો કે તેનો ટ્રેન્ડ ઘટાડા તરફનો છે. શહેરમાં લોકલ ટ્રાન્સમિશન વધ્યુ છે. શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્યવિસ્તાર અને સેક્ટરોમાં આજે સરખા કેસ જોવા મળ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૪ મહિલા દર્દીઓ છે તો ૭ દર્દી ૬૦ કે તેથી વધુ વયના નોંધાયા છે. શહેરમાં રિકવરી રેટ સારો છે. શહેરમાં આજે ૨૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે રાંદેસણમાં ૩, ઈન્ફોસીટી, સે. ૭, સે. ૮, સે. ૨૦ માં બે-બે કેસ નોંધાયા છે. આ ઉપરાંત ઝુંડાલ જીઈબી, કુડાસણ, સુઘડ, વાવોલ, સરગાસણ, પેથાપુર, આઈઆઈટી, સે. ૨, ૫, ૨૨, ૪, ૨૩, ૨૮, ૨૯ અને ૧૨માંથી કેસો મળી આવેલ છે.

કુડાસણમાં નોંધાયેલ દર્દી તાજેતરમાં કેનેડાથી પરત ફર્યો હોવાનું તંત્રની પ્રાથમિક તપાસમાં જણાયુ છે. શહેરમાં આજે નોંધાયેલ તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં આજે નોંધાયેલ દર્દીઓ સાથે ૧૮૦ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરી છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના આજે ૯ કેસ નોંધાયા છે. જેમાં દહેગામ-ગાંધીનગરમાં ૨-૨ કેસ તો કલોલમાં પાંચ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ત્રણ મહિલા દર્દીઓ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

દહેગામ તાલુકામાં બબલપુરા અને સામેત્રી ગામેથી કેસો મળ્યા છે. ગાંધીનગર તાલુકામાં લવારપુર અને શાહપુર ગામેથી કેસો મળી આવેલ છે.

કલોલ તાલુકામાં કલોલ અર્બનમાંથી અને રાંચરડામાંથી બે-બે કેસ ઉપરાંત કારોલી ગામેથી કેસ મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા બધા દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. જિલ્લાના ગ્રામ્યવિસ્તારમાં આજે નોંધાયેલા કેસ સાથે એક્ટીવ કેસ તરીકે ૧૮૦ થી વધુ દર્દીઓ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સર્વેલન્સ સઘન બનાવવા ઉપરાંત ટેસ્ટીંગના પ્રમાણમાં વધારો કરવા તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે અને હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરવામાં આવી છે.

### કંઈ ઉંમરના કેટલા દર્દી કોરોનાના

૧-૬-૨૨થી શહેરમાં કોરોનાની ગતિ વધી છે અત્યાર સુધીમાં ૭૮૦ જેટલા કેસ નોંધાયા છે અત્યાર સુધીમાં સૌથી વધુ ૨૧-૩૦ વર્ષની વયજૂથમાં ૧૭૮ તો ૩૧ થી ૪૦ના વયજૂથમાં ૧૫૨ કેસ નોંધાયા છે.

| વયજૂથ | દર્દીઓ |
|---|---|
| ૦-૧૦ | ૨૨ |
| ૧૧-૨૦ | ૧૪૧ |
| ૨૧-૩૦ | ૧૭૮ |
| ૩૧-૪૦ | ૧૫૨ |
| ૪૧-૫૦ | ૯૫ |
| ૫૧-૬૦ | ૯૮ |
| ૬૧-૭૦ | ૭૧ |
| ૭૦થી વધુ વયના | ૨૩ |



ખ-૭ સર્કલ પાસે વરસતા વરસાદમાં ઝાડ પડી ગયુ હતુ. મોટુ વૃક્ષ ધરાશાયી થતાં એક સાઈડનો રોડ બંધ થઈ ગયો હતો.

# શહેરી વિસ્તારના ગામોમાં નળ સે જળ યોજના અન્વયે જોડાણ આપવા કોર્પોરેશન યાદી તૈયાર કરશે

**સરકાર દ્વારા નિતી નક્કી કરવામાં વિલંબ : જેના લીધે શહેરી ગામોમાં નવા જોડાણ આપવામાં વિલંબ**

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગર શહેરી વિસ્તારના ગામોમાં નળ સે જળ યોજના અન્વયે પાણીના નવા જોડાણ આપવા માટે પાણીની નવી લાઈન નાંખવા સહીત આનુસંગિક કામગીરી પુર્ણ કરી દેવામાં આવી છે. જયારે નવા જોડાણ આપવા અન્વયે સરકાર કક્ષાએથી નીતિ નક્કી કરાયા બાદ કોર્પોરેશન કક્ષાએથી યાદી તૈયાર કરવામાં આવશે તંત્ર દ્વારા આ ગામોમાં પાણીની જરૂરિયાત ઘર ઘર સુધી સંતોષાય તે માટે અંદાજિત ૩ હજાર મીટર સુધીની નવી લાઈન પણ નાંખવામાં આવી છે.

ગાંધીનગરમાં નળ સે જળ યોજના અન્વયે શહેરી ગામોમાં પાણીના નવા જોડાણ આપવાની ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. શહેરી ગામોમાં દરેક પરિવારોને પાણીનો સપ્લાય મળી રહે તે માટે સરકાર કક્ષાએથી નળ સે જળ યોજનાનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. ગાંધીનગર શહેરી વિસ્તારના પાલજ, બાસણ, બોરીજ આદિવાડા, ગોકુલપુરા, ઈન્દ્રોડા અને ધોળાકુવા સહીતના ગામોમાં નળ સે જળ યોજના અન્વયે નવી લાઈન નાંખવામાં આવી છે. જયારે લાઈન સહીત આનસુંગિક કામગીરી પુર્ણ કરી દેવામાં આવ્યા બાદ હવે નળ સે જળ યોજના અન્વયે નિતી નક્કી કરવા માટે પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે. આ ગામોમાં નવા જોડાણ આપવા માટે અગાઉ સર્વે પણ હાથ ધરવામાં આવ્યો હતો જો કે નવી નિતીના આયોજનના અંતે જ નવા જોડાણ આપવા માટે ગતિવિધિ હાથ ધરાશે. સરકાર કક્ષાએથી જોડાણ આપવા માટે નિતી સ્પષ્ટ થયા બાદ કોર્પોરેશન કક્ષાએથી યાદી તૈયાર કરવામાં આવશે ત્યારબાદ ગામોમાં પાણીના નવા જોડાણ આપવા માટે પાટનગર યોજના વિભાગ કક્ષાએથી આગળ કાર્યવાહી હાથ ધરાશે. વર્ષ ૨૦૧૧ માં મહાનગરપાલિકા અસ્તિત્વમાં આવી ત્યાર બાદ આ ગામોને શહેરી ગામોમાં સમાવી લેવાયા છે. આમછતા શહેરી ગામોમાં દાયકાઓના અંતે પણ હજુ માળખાગત સુવિધાઓનો અભાવ હોવાનો રોષ પણ સમયાંતરે ઉઠતો રહે છે. જયારે પાણીની સમસ્યા ડામવા માટે અગાઉ તંત્ર દ્વારા નવા બોર અને ટાંકી પણ તૈયાર કરવામાં આવ્યા હતા જયારે નળ સે જળ યોજના અન્વયે પાણી પહોંચતુ કરવા માટે અંદાજિત ૧.૫ કી મી લાંબી પાણીની લાઈન નાખવાનુ કામ પણ પુર્ણ કરી દેવાયુ છે. હાલ પણ ગ્રામવાસીઓ જયાં નળનુ જોડાણ નથી તે સ્ટેન્ડ આધારિત પાણી મેળવી રહ્યા છે. અલબત્ત નળ સે જળ યોજના અન્વયે હજુ પાણીના જોડાણ આપવા માટે નિતી નક્કી થઈ નથી જેથી જોડાણ આપવાની કામગીરી પણ વિલંબમાં પડી છે. શહેરી વિસ્તારના ગામોમાં પાણી ઉપરાંત ગટર લાઈન, રસ્તા , સ્ટ્રીટ લાઈટ સહીતની માળખાગત સુવિધાઓના કામો સંદર્ભે પણ વખતોવખત તંત્ર સમક્ષ રજુઆતો કરવામાં આવી રહી છે.

# શહેર પાણીજન્ય રોગચાળાને ડામવા માટે પાણીના સેમ્પલની સંખ્યા વધારી દેવાઈ

**રોજબરોજ સેકટરો તેમજ આસપાસના ગામોમાં નમુના લઇ પાણી પીવાલાયક હોવાની સાથે કલોરિનેશનનુ પ્રમાણ ચકાસવામાં આવે છે : આડા દિવસો કરતા પાણીના ડબલ નમુના લેવામાં આવે છે**

ગાંધીનગર તા ૨૬

વરસાદી દિવસો દરમિયાન શહેર તેમજ આસપાસના ગામોમાં સપ્લાય થતા પાણીની ગુણવત્તા ચકાસવા માટે રોજબરોજ નમુના લેવામાં આવે છે. જયારે ચોમાસામાં પાણીજન્ય રોગચાળાને ડામવા માટે તંત્ર કક્ષાએથી લેવાતા પાણીના સેમ્પલ પણ વધારી દેવાયા છે. જેમાં પાણી પીવાલાયક હોવાની સાથે ક્લોરિનેશનની માત્રા પણ યોગ્ય પ્રમાણમાં જળવાય છે કે કેમ તેની પણ ખાતરી કરવામાં આવે છે. શહેરમાં છેલ્લા કેટલાક સમયથી કોઇ વિસ્તારમાં પાણી ડહોળુ આવતુ હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે. પરંતુ સપ્લાય થતા પુરવઠા મામલે પાણી પીવાલાયક હોવાનુ પણ તંત્રના અધિકારીઓ જણાવી રહ્યા છે.

ગાંધીનગરમાં વરસાદી દિવસો દરમિયાન પાણી ડહોળુ આવવાની ફરિયાદો વિશેષ રીતે ઉઠવા પામે છે. જયારે આ સ્થિતિને અનુલક્ષીને થોડા સમય અગાઉ પણ પાણી પુરવઠા બોર્ડ કક્ષાએથી પાણી ઉકાળીને પીવા માટે નગરજનોને સલાહ આપવામાં આવી હતી જયારે બીજીતરફ વરસાદી દિવસોમાં પાણી જન્ય રોગચાળાને અટકાવવા માટે તંત્ર દ્વારા પણ આડા દિવસોની સાપેક્ષમાં વરસાદી મોસમમાં પાણીના વધુ નમુના લઈ સતત તેની ચકાસણી કરવામાં આવી રહી છે. સેકટરો તેમજ શહેર આસપાસના ગામોમાંથી પણ પાણીના રોજબરોજ નમુના લેવામાં આવે છે. રેન્ડમ નમુના આધારે પાણી પીવાલાયક છે કે કેમ તેમજ તેમાં કલોરિનેશનની માત્રા પણ ચકાસવામાં આવે છે. વરસાદી દિવસોમાં પાણી દુષિત થવાની શકયતા વધુ હોય છે. જયારે પાણીની વર્ષો જુની લાઈન પણ કાટ ખાઈ જતા પાણીની ગુણવતાનો વિશેષ ખ્યાલ રાખવો પડે છે. જો કે હાલ સ્માર્ટ સીટી અન્વયે સેકટરોમાં નવી લાઈન નાંખવામાં આવી રહી છે. પરંતુ હજુ આ કામગીરી પુર્ણ થતા સમય લાગે તેમ છે. જયારે હાલ પાણીની ગુણવત્તા ચકાસવા માટે જુદા જુદા ગામોમાંથી મહીને ચાર વાર પાણીના નમુના લેવામાં આવે છે. જેના અંતે પાણીમાં કલોરિનેશનની

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT · ASTRAL PIPES · PRINCE PIPING SYSTEMS · Jaquar experience bathing · DR. FIXIT · Birla White THE WHITEST WHITE CEMENT · VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com